# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 30-03-2025 DAY: SUNDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર જાગૃતિ વકીલ વાંચે છે.

---

## PM-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની 120મી કડીમાં રાજ્યના એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં જોવા મળતા કૃષ્ણકમલ ફુલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શ્રોતાઓને આવા ફુલોની રસપ્રદ યાત્રા અંગે લખવા આહવાન કર્યું હતું. કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે. પ્રધાનમંત્રીએ મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં ભારત ઓપરેશન બ્રહ્મા હેઠળ સહાય આપવા માટે સૌથી પહેલુ પહોચ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો

આજથી શરૂ થયેલી ચૈત્ર નવરાત્રિ સહિતનાં તહેવારો પ્રસંગે સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આ ઉનાળાની રજાઓમાં નવા શોખ કેળવવા અને રચનાત્મક કાર્યો કરવા સલાહ આપી હતી. શ્રોતાઓને ઉનાળાનાં વેકશન માટે તૈયાર કરવામાં આવેલા માય ભારતના વિશેષ કેલેન્ડરની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, વાઇબ્રન્ટ વિલેજ અભિયાનમાં વિદ્યાર્થીઓ સરહદી ગામડાઓનો અનોખો અનુભવ લઈ શકે છે.

ઉનાળો શરૂ થઈ ગયો છે ત્યારે અનેક રાજ્યોમાં જળ સંચયનુ કાર્ય વેગ પકડી રહ્યું છે. દર વર્ષની જેમ કેચ ધ રેઇન ઝૂંબેશ માટેની તૈયારી યુધ્ધનાં ધોરણે ચાલી રહી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

તાજેતરમાં પૂર્ણ થયેલા ખેલો ઇન્ડિયા પેરાગેમ્સમાં ખેલાડીઓનાં સમર્પણ અને પ્રતિભાની તેમણે પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ દિલ્હીમાં પ્રથમ વાર આયોજિત ફિટ ઇન્ડિયા કેમ્પેઇનો ઉલ્લેખ કરીનેલોકોને પોતાનાં વિસ્તારોમાં પણ આવા કાર્નિવલનું આયોજન કરવા વિનંતી કરી હતી.

પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસને આડે 100થી ઓછા દિવસ બાકી છે ત્યારેલોકોને તેમનાં જીવનમાં યોગ અપનાવવા વિનંતી કરી હતી.

----------------------------------------------------------------------------------------

## PM - નાગપુરમાં કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ અમર સંસ્કૃતિનું અક્ષયવટ છે. આ અક્ષયવટ ભારતીય ચેતનાને ઊર્જાવાન બનાવી રહયું છે. આજે નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત દેશના કરોડો લોકોને મફતમાં સારવાર મળી રહી છે.

----------------------------------------------------------------------------------------

## તહેવારોની ઉજવણી - દેશમાં

આજે દેશભરમાં ગુડીપડવો, ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી સહિતનાં તહેવારોનું ભક્તિભાવ અને ઉલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. આજે મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં મરાઠી નવું વર્ષ ગુડી પડવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યુ છે. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે.

આજથી ચૈત્ર નવરાત્રીનો પણ પ્રારંભ થઈ રહ્યો છે, જે રામ નવમી પર પૂર્ણ થશે. દેશનાં તમામ પ્રસિધ્ધ મંદિરો અને શક્તિપીઠોને શણગારવામાં આવ્યા છે. ભાવિકો મોટી સંખ્યામાં વિશેષ પૂજા અર્ચના માટે મંદિરોમાં જોવા મળી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓને ચૈત્ર નવરાત્રિ, ગુડી પડવા, ચેટીચાંદ, ઉગાડી, નવરેહ અને સાજીબુ-શેરોબા તહેવાર પ્રસંગે શુભેચ્છા પાઠવી છે.

---

## તહેવારોની ઉજવણી – કચ્છમાં

કચ્છમાં ગાંધીધામ આદિપુર માં આજે ઝુલેલાલ જી ની શોભાયાત્રા કાઢવા માં આવી છે તો અંજાર માં જીર્ણોદ્ધાર પામેલા દરિયાલાલ મંદિર માં પ્રાણ પ્રતિષ્ઠા સહિત કાર્યક્રમો યોજાશે.

કચ્છ ના આશાપુરા માતાજી નાં સ્થાનક માતા નાં મઢ થી પૂર્વ માં રવેચી માતા નાં સ્થાનક સુધી ધાર્મિક ભક્તિ ભાવ નાં વાતાવરણ માં નવરાત્રી ની ઉજવણી થઈ રહી છે
આજે લોહાણા સમાજ એમના ઇષ્ટ દેવ દરિયાલાલ જી ની જન્મ જયંતી ની ઉજવણી કરે છે ભુજ અને અન્ય સ્થળોએ પૂજન જળયાત્રા શોભાયાત્રા સહિત નાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

---

## પંડિત શ્યામજી કૃષ્ણવર્મા પુણ્ય તિથિ

કચ્છ ના ક્રાંતિ ગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા ની આજે 95 મી પુણ્ય તિથિ છે તેમનો જન્મ 4 ઓકટોબર 1857 નાં કચ્છ માં માંડવી ખાતે થયો હતો 1930 ની 30 મી માર્ચ નાં જીનીવા માં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આજે તેમના જન્મ સ્થળ માંડવી ખાતે અને ક્રાંતિ તીર્થ ખાતે પુષ્પાંજલિ આપવા માં આવી હતી ભુજ માં તેમની પ્રતિમા ને હારારોપણ કરી અંજલિ અપાઈ હતી.

માંડવી માં ક્રાંતિ તીર્થ વિકસાવ્યા પછી માંડવી શહેર માં આવેલા શ્યામજી કૃષ્ણવર્મા નાં જન્મ સ્થળ ને પ્રાચીન સાંસ્કૃતિક સ્થળ તરીકે વિકસાવવા નિર્ણય લેવાયો છે ટૂંક સમય માં સર્વે હાથ ધરી કામ ચાલુ કરવામાં આવશે એમ જાણવા મળે છે

---

## રાજ્ય ઇનોવેશન ફેરમાં પ્રથમ – કુકમા નો પ્રોજેક્ટ

અહીંની પી.એમ.કુકમા પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષિકાએ ઝોન કક્ષામાં પ્રથમ નંબર મેળવ્યા બાદ રાજ્યકક્ષાના ઇનોવેશન ફેરમાં **'PLAY WITH SCIENCE'** પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જેણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થતાં ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યાં છે.શિક્ષકોમાં રહેલી નવા ચાર શિક્ષણ પદ્ધતિઓને બહાર લાવવા ગુજરાત શૈક્ષણિક અને તાલીમ પરિષદ દ્વારા દર વર્ષે યોજાતા ઇનોવેશન ફેરમાં વર્ષ ૨૦૨૫માં પી.એમ.કુકમા શાળાના વિજ્ઞાન શિક્ષિકા હીરાણી રેશ્મા કરસનભાઈએ વિજ્ઞાન જેવા જટિલ વિષયને બાળકોને રસપ્રદ રીતે ભણાવવા **PLAY WITH SCIENCE**નો નવો વિચાર ક્રિયાત્મકતા સાથે રજૂ કર્યો હતો

---------------------------------------------------------------------------------

## રમઝાનમાં કોમી એકતા : ગાંધીધામ-ભચાઉ

ગાંધીધામ અને ભચાઉમાં કોમી એકતાની મિશાલ જોવા મળી છે. પવિત્ર રમઝાન માસ દરમિયાન બંને શહેરોમાં ઇફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.ગાંધીધામની નવી સુંદરપુરી વિસ્તારમાં હુસેની એકતા કમિટી દ્વારા ઈમામ ચોક ખાતે ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિન્દુ સમાજના અગ્રણીઓએ મુસ્લિમ બિરાદરોને રોજા ખોલાવ્યાં હતા.

---------------------------------------------------------------------------------

## IPL મેચ

આઈપીએલ૧૮ ની દસમી મેચમાં વિશાખાપટ્ટનમમાં આજે દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે બપોરે શરુ થયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદ ૧૮.૪ ઓવર માં ૧૬૩ રન માં ઓલ આઊટ થયું હતું. અને દિલ્હી કેપિટલ્સને ૧૬૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. તો સાંજે સાડા સાત વાગે બીજી મેચ ગુહાવટીમાં રાજસ્થાન રોયલ્સ – ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો યોજાશે.

---------------------------------------------------------------------------------